# IN THE COURT OF PRINCIPAL CIVIL JUDGE, AT:-MAHEMDAVAD, DIST.- KHEDA.

## :: આંક–૧૨ લગત હુકમ ::

(૧) પ્રતિવાદીએ હાલની અરજી સીવીલ પ્રોસીજર કોડની કલમ ઓર્ડર–૭, રૂલ ૧૧(ડી) મુજબ કરી અરજ કરેલ છે કે, વાદીએ હાલનો દાવો મોજે ગામ–સણસોલી, તા.મહેમદાવાદ, જી.ખેડામાં આવેલ ખાતા નં.૧૯૩ જેનો બ્લોક નં.૬૦૭ જેનું કુલ ક્ષેત્રફળ હે.૧–૫૫–૮૧ ચો.મી. આકાર રૂા.૮–૮૭ પૈસા વાળી જમીન તથા બ્લોક નં. ૬૨૪ જેનું ક્ષેત્રફળ હે.આરે.૩–૨૧–૭૩ ચો.મી. આકાર રૂા.૧૬.૩૧ પૈસા વાળી ખેતીની જમીન બાબતે વાદીએ સદરહું જમીન કાયદેસરના કબજા ભોગવટામાં ધારણ કરી અને સદરહું જમીનના ટ્રેસપાસર નથી તેવું ડેકલેરેશન મેળવવા તથા પ્રતિવાદીઓ વિરુધ્ધ મનાઈ હુકમ મેળવવા માટે હાલનો દાવો કરેલ છે.

આ કામે બંસીવાલા મહારાજ એ બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ રજીસ્ટર્ડ ટ્રસ્ટ નં.ઈ–૮૭૨ થી તા.૨૭/૧/૧૯૫૪ ના રોજ નોંધાયેલ છે અને જેના મેનેજીંગ ટ્રસ્ટ તરીકે પ્રતિવાદી નં.૧ તથા ટ્રસ્ટી તરીકે પ્રતિવાદી નં.ર તથા પ્રમુખભાઈ ગાંડાભાઈ તથા નિકુંલભાઈ હર્ષદરાયનાઓ છે. અને હાલ સદરહું મીલકતનો વહીવટ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે પ્રતિવાદી નં.૧ કીરીટકુમાર રતીલાલ કોઠારી કરે છે અને સદરહું દાવાવાળી મીલકતનો ટ્રસ્ટમાં સમાવેશ થયેલો છે જે મુજબ સદરહું દાવાવાળી જમીન ટ્રસ્ટની માલીકી કબજા ભોગવટાની આવેલી છે અને મદદનીશ ચેરીટી કમીશ્નરશ્રી, નડીઆદ દ્વારા વખતોવખત થતાં ઠરાવો અને હુકમો દ્વારા સરકારશ્રીના ધારા ધોરણ નિયમો અને માર્ગદર્શીકા મુજબ સદરહું ટ્રસ્ટનો વહીવટ કરવાનો હોય છે જે પ્રમાણે પ્રતિવાદી નં.૧ બંસીવાલા મહારાજ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ફરજ બજાવે છે અને સદરહું દાવાવાળી જમીનમાં ૭/૧૨ માં રેવન્યુ રેકર્ડ આ કામના પ્રતિવાદી બંસીવાલા મહારાજના વહીવટ કર્તા તરીકે નામ ચાલે છે. સદરહું ટ્રસ્ટનો ઉદેસ જાહેર જનતાને સેવા આપવાનો છે. આ કામના વાદી સારી રીતે જાણે છે કે દાવાવાળી મીલકત એ બંસીવાલા ટ્રસ્ટની માલીકી કબજા ભોગવટાની આવેલ છે તેમ છતાં સદરહું જમીન ચેનકેન પ્રકારે પડાવી લેવા

માટે ગણોતધારા હેઠળ તા.૧૪/૭/૧૬ ના રોજ ગ.ધા.કલમ–૭૦(બી) તથા ૭૦(એન.બી) મુજબ મામલતદારશ્રી મહેમદાવાદ સમક્ષ ગ.કેસ નં.૨/૧૭ દાખલ કરેલ જે ચાલી જતા વાદીની ગણોત અરજી તા.૧૨/૯/૧૯ ના રોજ નામંજુર કરેલ છે જે વાદીએ રજુ કરેલ નિ.૩/૧૫ થી સ્પષ્ટ થાય છે. આમ વાદી સને ૨૦૧૬ થી અરજી કરી ત્યારથી સદરહું જમીન પ્રતિવાદી ટ્રસ્ટની માલીકી કબજા ભોગવટાની આવેલી હોવાની હકીકત જાણતા હતા તેમજ વાદીએ તેમના દાવાના કારણમાં પણ સને ૨૦૧૬ માં ગણોત કેસ દાખલ કરેલાનું જણાવેલ છે તેમ છતાં દાવાનું કારણ ઉત્પન્ન થયાના ત્રણ વર્ષ બાદ હાલનો દાવો સમયમર્યાદા બહાર દાખલ કરેલ છે તે મુજબ વાદી પહેલેથી સદરહું દાવાનું કારણ ઉત્પન્ન થયેલાનું જાણતા હતા તેમ છતાં સમય મર્યાદામાં કાર્યવાહી કરેલ નથી જેથી પણ વાદીનો દાવો સમય મર્યાદાના મુદે રદ થવાને પાત્ર છે. આ કામે દાવાવાળી મીલકત એ બંસીવાલા મહારાજ ટ્રસ્ટની માલીકીની આવેલી છે અને સાર્વજનીક ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલ ટ્રસ્ટ છે જેથી ગુજરાત સાર્વજનીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની કલમ–૫૦, તથા ૫૧ ની જોગવાઈઓ મુજબ વાદીને હાલનો દાવો ટ્રસ્ટ સામે કરવા માટે પ્રતિબંધ ફરમાવે છે તેમજ જો કોઈ વ્યકિત કલમ–૫૦ માં નિર્દિષ્ટ કરેલી જાતનો દાવો ફાઈલ કરવા ઈચ્છતી હોય તો તેમણે ચેરીટી કમીશ્નરને તેની સમંતિ માટે લેખીત અરજી કરી ચેરીટી કમીશ્નર પાસેથી હુકમ મેળવી હુકમ મેળવે થી છ માસની મુદતની અંદર દાવો કરવાનો હોય છે. હાલના દાવામાં વાદી તરફથી આવી કોઈ સમંતિ લેવામાં આવેલ નથી તેમજ વાદીનો દાવો ગુજરાત સાર્વનજીક ટ્રસ્ટ એકટની કલમ–૫૦ તથા ૫૧ મુજબ ટ્રસ્ટ સામે મીલકત ઉપર અંગત હકકનો અમલ કરવા સામે પ્રતિબંધ અને વાદીના દાવાને તેનો સ્પષ્ટપણે બાધ આવતો હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. આ કામે વાદીએ દાવાો દાખલ કરતાં પહેલાં ગુજરાત સાર્વનજીક ટ્રસ્ટ એકટની કલમ–૫૦ તથા ૫૧ ની જોગવાઈઓ મુજબ પ્રતિવાદીઓને હાલનો દાવો કરતા પહેલાં ચેરીટી કમીશ્નરશ્રીની પરવાનગી લેવી પડે તે તે લીધેલ ન હોય જેથી ગુજરાત સાર્વનજીક ટ્રસ્ટ એકટની કલમ–૫૦ તથા ૫૧ મુજબ વાદીને આ કે આવા પ્રકારનો દાવો કરવા ઉપર પ્રતિબંધ હોય સાર્વજનીક ટ્રસ્ટ એકટની જોગવાઈઓનો બાધ નડે છે.

વાદીએ હાલના દાવામાં ટ્રસ્ટની મીલકત સામે જાહેરાત માટેની દાદ માંગતો દાવો લઈને આવેલ છે જે દાદ અંગે ગુજરાત સાર્વનજીક ટ્રસ્ટ એકટની કલમ–૮૦ મુજબ પણ વાદીને દીવાની કોર્ટ સમક્ષ આવો દાવો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવે છે. જે અંગેની જોગવાઈ જોવામાં આવે તો કલમ–૮૦ માં સ્પષ્ટ જણાવેલ છે કે,''આ અધિનિયમમાં સ્પષ્ટ રીતે જોગવાઈ કરી હોય તે સીવાય, આ અધિનિયમથી અથવા તે હેઠળ કોઈ અધિકારીએ અથવા સત્તા મંડળે આ અધિનિયમ હેઠળ જે નિર્ણય અથવા નિકાલ કરવાનો હોય અથવા જેના સબંધમાં એવા અધિકારી અથવા સત્તા મંડળનો નિર્ણય અથવા હુકમ આખરી અને નિર્ણાયક ગણવાનો હોય એવા કોઈ પ્રશ્નનો નિર્ણય અથવા નિકાલ કરવાની હકુમત કોઈપણ દિવાની કોર્ટને રહેશે નહી.'' આમ કલમ–૮૦ ની જોગવાઈઓ મુજબ પણ આ કામના વાદીને હાલનો દાવો દીવાની કોર્ટ સમક્ષ કરવા સામે બાધ છે. વાદીનો દાવો સમય મર્યાદામાં તેમજ ગુજરાત સાર્વનજીક ટ્રસ્ટ એકટની કલમ–૫૦, ૫૧, ૮૦ મુજબ વાદીને દીવાની કોર્ટ સમક્ષ હાલનો દાવો કરવા સામે બાધ હોય જેથી વાદીની દાવા અરજી રદ થવાને પાત્ર છે જેથી હાલની અરજી આપવાની જરુર પડેલ છે. જે વાસ્તે હાલની અરજી કરી અરજ કરેલ છે કે, (અ) આ કામના વાદીએ હાલનો દાવો પ્રતિવાદ ટ્રસ્ટની માલીકીની મોજે ગામ સણસોલી, તા.મહેમદાવાદ, જી.ખેડામાં આવેલ ખાતા નં.૧૯૩ જેનો બ્લોક નં.૬૦૭ જેનું કુલ ક્ષેત્રફળ હે.૧–૫૫–૮૧ ચો.મી. આકાર રૂા.૮–૮૭ પૈસા વાળી જમીન તથા બ્લોક નં. ૬૨૪ જેનું ક્ષેત્રફળ હે.આરે.૩–૨૧–૭૩ ચો.મી. આકાર રૂા.૧૬.૩૧ પૈસા વાળી ખેતીની જમીન બાબતે ડેકલેરેશન મેળવવા તેમજ કાયમી મનાઈ હુકમ મેળવવા વાદીએ દાવો કરેલ છે જે લીમીટેશન એકટ મુજબ સમય મર્યાદા બહાર હોય તેમજ ગુજરાત સાર્વનજીક ટ્રસ્ટ એકટની કલમ–૫૦, ૫૧, ૮૦ મુજબ દીવાની કોર્ટમાં દાવો કરવા ઉપર પ્રતિબંધ હોય સી.પ્રો.કોડની કલમ ઓ.૭, રૂલ.૧૧(ડી) હેઠળ વાદીનો દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૨) સદર કામે પ્રતિવાદીની આંક–૧૨ વાળી અરજીની સામે વાદીએ આંક–૧૭ થી લેખીત જવાબ રજુ કરી પ્રતિવાદીઓના આંક–૧૨ વાળી અરજીના પેરા નં.૧ સામે કોઈ તકરાર

નથી તેમ જણાવેલ છે. જયારે પેરા નં.૨ ની હકીકત કબુલ મંજુર અને બંધનકર્તા નથી. પેરા નં.૩ ની હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલી હોય કબુલ મંજુર નથી તેમ જણાવી જાહેર કરે છે કે, સદરહું જમીનનો સ્વતંત્ર કબજો ભોગવટો વાદીઓ નં.૧/૧ થી ૧/૭ ના પિતા અને વાદી નં.૨ નાઓ જે તે વખતે સદરહું જમીનનો વહીવટકર્તા મણીશંકર માણેકલાલ નાઓએ ખેડવા માટે આશરે ૪૦ થી ૫૦ વર્ષ અગાઉ આપેલ ત્યારથી સદરહું જમીનની જાત ખેતી કરી વાદીના પિતા અને વાદી નં.૨ નાઓ ખેતી કરતાં આવેલા અને વાદી નં.૧/૧ થી ૧/૭ ના પિતાના ગુજરી ગયા બાદ હાલના વાદીઓ સદરહું જમીનનો સ્વતંત્ર કબજો ભોગવટો ધારણ કરતાં આવેલા છે અને સદરહું જમીનમાં વાદીઓના પાકા મકાનો આવેલા છે જેની ગામ પંચાયતમાં વાદીઓના નામની આકારણી અને મીટર વાદીઓના નામના થયેલા છે અને સદરહું જમીનમાં વાદીઓના નામની આકારણી થઈ તે બાબતે પ્રતિવાદીએ ગામ પંચાયત સમક્ષ કોઈ વિરોધ કે વચકો કરેલ નથી પરંતુ પ્રતિવાદીઓએ સને ૨૦૧૬ ની સાલમાં વાદીઓને જમીનનો કબજો ભોગવટો ખાલી કરવાની ધાકધમકીઓ આપતા વાદીએ મહેમદાવાદના ટેનન્સી મામલતદાર સાહેબ સમક્ષ ગણોત અરજી દાખલ કરેલ જે વાદીઓની ગણોત અરજી સાથે મનાઈ અરજી જે રજુ કરેલ છે તે મનાઈ અરજી મહે.ટેનન્સી મામલતદાર સાહેબશ્રીએ તા.૧૨/૯/૧૯ ના રોજ નામંજુર કરેલ છે અને વાદીની મુખ્ય ગણોત અરજી નં.૨/૧૬ તા.૨૭/૭/૨૨ ના રોજ ચાલવા ઉપર છે જે વાદી નામદારકોર્ટને જાહેર કરે છે. આમ પ્રતિવાદીઓ ચેનકેન પ્રકારે નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરી વાદીઓનો ૪૦-૫૦ વર્ષ અગાઉથી ચાલી આવતો કબજો છીનવી લેવાની કોશીશો કરી રહેલ છે. પ્રતિવાદીઓની આંક-૧૨ ની અરજીના પેરા નં.૪ માં જણાવેલી હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલી હોય કબુલ મંજુર નથી તેમજ પેરા નં.૫ ની હકીકતો પ્રતિવાદીએ નકકર પુરાવાથી પુરવાર કરવી જોઈએ. જયારે આંક-૧૨ વાળી અરજીના પેરા નં.૬ માં જણાવેલી હકીકતો કબુલ મંજુર નથી તેમ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીઓએ દાવા અરજીનું ડ્રાફટીંગ સમજવા માં ઘણી મોટી ગંભીર ભુલ કરેલ છે અને હાલના સદરહું કામના પ્રતિવાદીઓએ વાદીને કબજો ખાલી કરવાની

ધાકધમકીઓ આપેલી છે અને પ્રતિવાદીઓના તેમની અરજીના જણાવ્યા મુજબ જો સદરહું દાવાને ગુજરાત સાર્વજનીક ટ્રસ્ટ એકટની કલમ–૫૦, ૫૧ તથા ૮૦ નો બાધ હોય અને જો સદરહું જમીન ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલ હોય તો જમીનનો કબજો ખાલી કરાવવાની સત્તા પણ સાર્વજનીક ટ્રસ્ટને છે નહી કે હાલના પ્રતિવાદી ઓને અને કાયદેસર રીતે કાયદાની પ્રોસીજર અનુસરીને પણ હાલના પ્રતિવાદી ઓએ કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ નથી. જેથી પણ વાદીને ગુજરાત સાર્વજનીક ટ્રસ્ટ એકટની કલમ–૫૦, ૫૧ તથા ૮૦ નો બાધ નડતો નથી. પ્રતિવાદીએ આંક–૧૨ વાળી અરજીના પેરા નં.૭ માં જણાવેલ હકીકત નકકર પુરાવાથી પુરવાર કરવી જોઈએ.વધુમાં પ્રતિવાદી આંક–૧૨ વાળી અરજીના પેરા નં.૮ માં જણાવેલ દાદ કાયદેસર રીતે મેળવવા હકકદાર ન હોય આંક–૧૨ વાળી અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં વાદીએ જણાવેલ છે કે, કાયદાનો નકકર સિધ્ધાંત અને સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધારે પણ '' **જવાબમાં પ્રતિવાદીઓએ જે આક્ષેપો કરેલા હોઈ તેના આધારે દાવા અરજી રદ થઈ શકે નહી પરંતુ દાવા અરજી રદ કરવા માટે દાવા અરજીમાં જણાવેલી હકીકતો જ ધ્યાનમાં લેવી જોઈએ**'' જે સિધ્ધાંત અનુસાર પણ વાદીનો દાવો નામદાર કોર્ટમાં ચાલવાને પાત્ર છે તેવી રજુઆત કરેલ છે.

(૩) આ કામે સદર અરજી લગત પ્રતિવાદી તરફે મૌખિક દલીલ રજુ કરેલ છે તેમજ વાદી તરફે આંક–૧૮ ની પુરસીસથી જાહેર કરેલ છે કે, વાદીએ સીપીસી ઓ.૭, રૂલ ૧૧(ડી) મુજબ આંક–૧૨ ની અરજીનો જે જવાબ આપેલ છે તે દલીલ ગણી લેવી. તેમજ વાદી તરફે રજુ નામદાર વડી અદાલતના ચુકાદાઓ ધ્યાને લીધા જેની ચર્ચા કારણો સાથે કરેલ છે.

(૪) આ કામે સૌપ્રથમ સી.પી.સી.ઓ.૭, રૂ.૧૧ ની અરજીમાં દાવાની અરજીની હકીકત ધ્યાને લેવાની હોય છે. જે બાબતે વાદીએ આંક–૧ ની દાવા અરજી સાથે રજુ કરેલ આંક –૩ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતાં નિ.૩/૧ થી નિ.૩/૩ સુધી બ્લોક સર્વે નં.૬૦૭ તથા ૬૨૪ ના ૭/૧૨ ના ઉતારા તથા ખાતા નં.૧૯૩ ના ગામ નમુના નં.૮–અ ની રેવન્યુ રેકર્ડની નકલ રજુ કરેલ છે જે ધ્યાને લેતાં સદર જણાવેલ સર્વે

નંબર તથા ખાતા નંબરોમાં કબજે દાર તરીકે પ્રતિવાદીઓના નામ દર્શાવેલ છે.

તેમજ નિ.૩/૪ થી નિ.૩/૭ સુધીના પંચાયતની વેરા પાવતીઓ ધ્યાને લેતાં સને ૨૦૨૧–૨૨ માં સણસોલી ગામના ઘર નં.૮૧૧, ૫૭૩, ૫૭૮ તથા ૧૦૩૧ માં પેથાભાઈ કવાભાઈ ભરવાડ, વલુભાઈ કવાભાઈ ભરવાડ, મોહનભાઈ કવાભાઈ ભરવાડ, મફતભાઈ વલુભાઈ ભરવાડ એટલે કે વાદીઓના તથા તેઓ તરફેના વ્યકિતના નામ આવેલાનું જણાય છે.

તેમજ નિ.૩/૮ થી નિ.૩/૧૧ સુધી રજુ દસ્તાવેજ ધ્યાને લેતાં સદર આકારણીના દાખલા ૨૦૨૧–૨૨ ના રજુ કરેલ છે. જેમાં નિ.૩/૪ થી નિ.૩/૭ સુધીના દર્શાવેલ ઉપરોકત મીલકત નંબરમાં ઉપરોકત જણાવેલ વાદીઓના તથા તેમના તરફે વ્યકિતના નામ જણાય છે.

તેમજ નિ.૩/૧૨ થી રજુ લાઈટ બીલની નકલ ધ્યાને લેતાં તેમા પેથાભાઈ કવાભાઈ ભરવાડનું નામ ઓકટોબર–નવેમ્બર–૨૧ માં પહાડ, સણસોલી તા.મહેમદાવાદનું હોવાનું દર્શાવેલ છે.

વાદીએ નિ.૩/૨ થી રજુ કરેલ મામલતદારશ્રી સમક્ષ ગણોત કેસ દાખલ કરેલ. કેસ નં.૨/૨૦૧૭ થી દાખલ કરેલ તથા નિ.૩/૧૪ થી રજુ સદર કેસની મનાઈ અરજી રજુ કરેલ છે. તેમજ નિ.૩/૧૫ થી સદર કેસમાં કરવામાં આવેલ હુકમ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં વાદી તરફેની ગણોતધારા કલમ–૭૯(એન)(બી) હેઠળ સણસોલી સીમની સર્વે નં.૬૨૪, ૬૦૭ વાળી જમીનમાં માંગેલ મનાઈ હુકમની અરજી નામંજુર કરવામાં આવેલ જે તા.૧૨/૯/૧૯ ના રોજની રજુ કરેલ છે.

નિ.૩/૧૬ થી વાદીએ ફોટોગ્રાફ કુલ નંગ–૬ રજુ કરેલ છે.

નિ.૩/૧૭ થી વાદીએ નડીઆદના નાયબ કલેકટરશ્રીની કોર્ટમાં કરેલ ગણોત રીવીઝન અરજીની નકલ રજુ કરેલ છે.

આ કામે પ્રતિવાદી તરફે આંક–૧૨ ની અરજી સાથે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

વધુમાં પ્રતિવાદી તરફે આંક–૧૨ ની અરજીમાં જણાવેલ છે કે, ગણોતધારા

કલમ–૭૦(બી) મુજબના કેસમાં મામલતદારશ્રી મહેમદાવાદ નાઓએ તા.૧ ૨/૯/૧૯ ના રોજ હુકમ કરી વાદીની અરજી નામંજુર કરેલ છે. જેથી વાદી સને ૨૦૧૬ થી સદર અરજી કરેલ હોય અને ત્યારથી જમીન પ્રતિવાદી ટ્રસ્ટની માલીકી ભોગવટાની આવેલી હોય સદર દાવાનું કારણ સને ૨૦૧૬ માં ઉત્પન્ન થયેલ હોય અને વાદીએ હાલનો દાવો ત્રણ વર્ષ બાદ કરેલ હોય વાદીને સદર દાવામાં સમય મર્યાદાનો બાધ નડે છે. જે બાબતે વાદી તરફે આંક–૧૭ ના જવાબમાં તે અંગેની હકીકત નકારેલ છે. વધુમાં સદર કામે નિ.૩/૧૫ થી રજુ મામલતદારશ્રી સમક્ષ ગણોત કેસ નં. ૨/૧૭ નો હુકમ ધ્યાને લેતાં સદર હુકમ તા.૧૨/૯/૧૯ ના રોજ કરવામાં આવેલ છે. તેમજ વાદીએ હાલનો દાવો તા.૧/૨/૨૨ ના રોજ કરેલ છે. જે ધ્યાને લેતાં સદર હુકમ થયાના ત્રણ વર્ષની અંદર વાદીએ હાલનો દાવો અત્રેની કોર્ટમાં દાખલ કરેલ હોય વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય તેવું જણાય આવતુ નથી.

પ્રતિવાદી તરફે વાદીઓએ હાલનો દાવો ટ્રસ્ટ સામે કરેલ હોય જેથી કલમ–૮૦ નો બાધ નડતો હોવાનું જણાવેલ છે તથા ગુજરાત સાર્વનજીકની ટ્રસ્ટ કલમ ૫૦ તથા ૫૧ મુજબ દાવો દાખલ કરતાં પહેલાં ચેરીટી કમીશ્નરશ્રીને અરજી કરી પરવાનગી મેળવ્યા બાદ છ મહીનામાં દાવો દાખલ કરવો જોઈએ તેવી રજુઆત કરેલ છે. જે બાબતે વાદીની દાવા અરજી ધ્યાને લેતાં વાદીએ સદર દાવાના ડેકલેરેશનમાં તેમજ વાદી તેમના વડીલોના સમયથી સદર જમીનમાં કાયદેસરના કબજા ભોગવટેદાર હોય તે અંગેનું ડેક લેરેશનની માંગણી કરેલ છે. તેમજ કૃષી પંચ મામલતદારશ્રી સમક્ષ ગણોત કેસ નં.૨/૧ ૭ પેન્ડીંગ હોય પ્રતિવાદીઓ સદર જમીન વેચાણ કે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવી દાદ માંગેલ છે. વધુમાં ગુજરાત સાર્વજનીક ટ્રસ્ટ અધિનિયમની કલમ ૫૧ ધ્યાને લેતાં કોઈ સાર્વજનીક ટ્રસ્ટમાં હીત સબંધ ધરાવતી વ્યકિત કલમ–૫૦ માં નિર્દેશ કરેલી જાતનો દાવો ફાઈલ કરવા ઈચ્છતી હોય તો તેમને ચેરીટી કમીશ્નરને સમંતિ માટે લેખીત અરજી કરવી જોઈશે તેવું જણાવેલ છે. જે ધ્યાને લેતાં સાર્વજનીક ટ્રસ્ટમાં હિત ધરાવતી વ્યકિત માટે જે તે વ્યકિતએ ચેરીટી કમીશ્નરશ્રીની સમંતિ મેળવવી આવશ્યક છે અને તે સમંતિ મેળવ્યાના છ મહીનામાં દાવો માંડી શકાશે તેવું જણાવેલ છે. જે ઉપરોકત

હકીકત ધ્યાને લેતાં હાલના વાદીએ સાર્વજનીક ટ્રસ્ટમાં હીત સબંધ ધરાવતી વ્યકિત હોય તેવું જણાતુ નથી. જેથી વાદીઓને સદર કાયદાની કલમ–૫૦, ૫૧ મુજબનો બાધ નડતો હોય તેવું જણાતુ નથી.

વધુમાં સદર કાયદાની કલમ–૮૦ ધ્યાને લેતાં કોઈ પણ અધિકારી અથવા સત્તા મંડળે નકકી કરવાનું અથવા તેવી તજવીજ કરવાનું સદરહું અધિનિયમથી અથવા તે હેઠળ હોય તેવા કોઈ પણ પ્રશ્નનો નિર્ણય કરવા અથવા તેની તજવીજ કરવા માટે દીવાની કોર્ટમાં હકુમતનો સ્પષ્ટ બાધ જણાવેલ છે.

વધુમાં અધિનિયમની કલમ–૧૯(૨) માં એવું જણાવેલ છે કે, ડેપ્યુટી અને આસીસ્ટન્ટ ચેરીટી કમીશ્નરશ્રીએ કોઈપણ મીલકત ટ્રસ્ટની મીલકત છે કે નહી તે નકકી કરવાના હેતુ માટે અધિનિયમ હેઠળ ઠરાવેલી રીત તપાસ કરવી જોઈશે.

આ કામે નામદાર બોમ્બે હાઈકોર્ટ નો ચુકાદાના પેરા નં.૭, ૧૬, ૧૭, ૨૦, ૪૧ ધ્યાને લેતાં **Keki Pestonji Jamadar And Anr. vs Kohodadad Merwan Irani And Ors. on 22 November, 1971, AIR 1973 Bom 130,**

7. The provisions of the Act may, for convenience, be considered under four heads: (1) Initiation of proceedings, (2) The Scope of Inquiry, (3) Remedies available to persons aggrieved by orders passed under the Act and (4) Ouster of jurisdiction of Civil Courts.

16. For deciding whether S. 80 is attracted in a given case, one must consider what, in substance and not merely in form, is the nature of the claim made in the suit and the real relief sought therein. If in order to afford that relief it is necessary for the Court to decide or deal with a question which by or under the Act is to be decided or dealt with by an officer or authority appointed under the Act, the Civil Court's jurisdiction in that behalf is ousted. Such questions must be left to the sole and exclusive decision of the authorities specified in the Act, whether they are questions of fact or of law and whether they are simple or complicated. It is true that ouster of jurisdiction of Civil Courts is not to be readily inferred and the normal rule is the one contained in Section 9 of the Code of Civil Procedure the Civil Courts have jurisdiction to try all suits of a civil nature. But this rule is subject to the exception contained in that section itself and the exception is that the cognizance of certain suits by Civil Courts may be expressly or impliedly

barred. Section 80 contains an express provision of ouster and though its dual conditions must be satisfied strictly before the decision of a question can be barred from the cognizance of a normal jurisdiction, it would be wrong to import into that provision any extraneous or collateral considerations, as for example whether the question involved is simple or complicated. If law provides that a question must be decided by a particular authority to the exclusion of the Civil Courts, that authority cannot throw up its hands in despair and refuse to decide the question on the ground that it involves consideration of intricate problems. Nor, indeed, can the Civil Court displace the jurisdiction of that authority by arrogating to itself the sole power to decide complicated questions. Once the normal presumption arising under Section 9 of the Civil Procedure Code is overborne, there is no scope for limiting the jurisdiction of an exclusive forum to simple and straightforward questions. What must therefore be considered here is whether the two conditions of Section 80 are satisfied.

17. Turning to that consideration, let us first see what questions are to be decided or dealt with by the Deputy or Assistant Charity Commissioner in respect of which the decision is final and conclusive. Under Section 19 (1) and (2), the Deputy or Assistant Charity Commissioner has to make an inquiry for the purpose of ascertaining "whether a trust exists and whether such trust is a public trust" and "whether any property is the property of such trust." Under Section 21 (2) the entries which the authorities have to make, after the decision is recorded under Section 20 in the inquiry held under Section 19, are final and conclusive. Section 79 (1) provides expressly that the question whether or not a trust exists and such trust is a public trust or particular property is the property of such trust shall be decided by the Deputy or Assistant Charity Commissioner and such decision shall be find and conclusive.

20. The third question relegated to the decision of the Deputy or Assistant Charity Commissioner is whether the "particular property is the property of such trust". This clause is couched in words of doubtful import leading to the expression of divergent views as regards its scope. Learned Counsel for the appellant contents for the view that as the question whether the particular property is the property of the trust cannot be answered without deciding whether the author of the trust had the right or title to the property conveyed to the trust, the authorities must decide this latter question and, indeed, it is their function and duty to decide it. It is urged

that questions of title to the particular property are thus required to be decided in inquiries under Section 19 and the jurisdiction of the Civil Court to decide those questions is barred under Section 80. The contesting respondents contend for the rival view that the question whether the author of the trust had title to the property conveyed to the trust is outside the scope of the inquiry under Section 19 and therefore, the jurisdiction of the Civil Courts to decide or deal with that question is not barred. The learned Government Pleader has pointed out the merits and demerits of both the views but he has given good reasons why the contention of the Respondents should be accepted in preference to that of the appellant. Having considered the matter in all the aspects presented before us, we are of the opinion that the respondents are right in their contention. The purpose of the Act, the procedure prescribed in inquiries under Section 19, the absence of any remedy under the Act to those who were not parties to the inquiry under Section 19 but whose anterior or superior title would be concluded by the decided in that inquiry and the general scheme of the Act, all tend to show that questions of title to the trust property are outside the scope of the inquiry under Section 19.

41. As regards questions 2 and 3, we are of the opinion that for determining whether the bar under Section 80 of the Act arises, it is irrelevant whether the person who wants to raise the particular question under Section 19. The fact that such a person was a party to those proceedings may, perhaps, raise a bar analogous to that of res judicata but we are not concerned with that question and would prefer not to express any opinion thereon. The Civil Court would, however, have the jurisdiction to decide the points mentioned in question No.1, in the sense that Section 80 cannot operate as a bar to that jurisdiction.

જે ઉપરોકત ચુકાદો માનસહ વંચાણે લેતાં જો કોઈ ટ્રસ્ટનું અસ્તિત્વ છે, ટ્રસ્ટ પબ્લીક ટ્રસ્ટ છે, તેમજ જે મીલકત જણાવેલ છે તે ટ્રસ્ટની પ્રોપર્ટી છે તેનો નિર્ણય કરવાની સત્તા ચેરીટી કમીશ્નરશ્રીને આવેલી છે. તેમજ ઉપરોકત પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે દાવો ચલાવવાની સત્તા સીવીલ કોર્ટને નથી અને તે અંગે દાવો પ્રથમ ચેરીટી કમીશ્નરશ્રી સમક્ષ કરવો જોઈએ તેવું ઠરાવે છે. હાથ ઉપરના કેસમાં વાદીઓ સદર તેઓની વડીલોપાર્જીત મીલકતજેમાં તેઓ કબજે ભોગવટેદાર તેમજ આ તબકકે જણાવે

છે તેની સામે પ્રતિવાદીઓ વિરુધ્ધ વિજ્ઞાપન માંગતો દાવો કરેલ છે. વધુમાં સદર કામે પુરાવો લેવાનું બાકી છે. જે ઉપરોકત કાયદાની કલમ–૮૦ સાથે ઉપરોકત ચર્ચા કરેલ ચુકાદા સાથે મુલવતા હાથ ઉપરના કેસમાં સદર કાયદાની કલમ–૮૦ મુજબનો બાધ નડતો હોય તેવું જણાય આવતુ નથી.

આ કામે વાદી તરફે રજુ કરેલ નામદાર વડી અદાલતનો ચુકાદો જે **Raptakos Brett And Co. Ltd vs Ganesh Property on 8 September, 1998 LAWS(SC) 198-9-26 - It was held that -** Coming back to the consideration of the requirements of Section 69 sub- section (2) under which bar to file such a suit would arise on the part of the unregistered firm it may be noted that on the facts of the present case it is not in dispute between the parties that when the suit was filed in 1986 the first condition for attracting this bar squarely got attracted namely, that the respondent firm was not a registered firm though it was wrongly mentioned in the plaint that it was a registered firm. Second condition for attracting the bar was also found satisfied as the appellant was a third party being erstwhile tenant against whom the suit was filed. It is the third condition which is the bone of serious contention between the parties. Learned senior counsel Shri Nariman for the appellant submitted that the third condition was also satisfied on the facts of the present case as the suit filed by the respondent-plaintiff unregistered firm was for enforcement of the right of the respondent-plaintiff arising from the contract of lease which was entered into between the parties in 1964 for a period of 21 years and which had expired at the end of 15th March, 1985. It is this contention of learned senior counsel Shri Nariman that has been vehemently contested by learned senior counsel Dr. Singhvi for the respon-dent-plaintiff. At the outset he submitted that for deciding the question whether the suit is barred under Section 69 sub-section (2) of the Partner-ship Act or not only averments in the plaint as a whole will have to be seen…

**Point No. 3:**

As a result of the aforesaid discussion, it is held that the suit as filed by the respondent was partly barred under Section 69 sub-section (2) of the Partnership Act but was partly not barred and consequently the decree passed by the Trial Court as confirmed by the High Court is held to have remained well sustained and calls for no interference in the present appeal.

આ કામે વાદી તરફે રજુ કરેલ નામદાર વડી અદાલતનો ચુકાદો જે **LAWS (GJH) 1996-4-25 YUVRAJ PRITHVIRAJSINHJI V. MAHARANI**

**RAJENDRAKUNVERBA AND ORS.–**It was held- 55. Before parting with the matter, we would like to make it clear that though the matter was argued at length and reference was made to some of the documents referred to in the plaint over and above marks 3/1 and 3/2, as also various authorities were read at length, we have refrained from discussing them in detail because we are conscious of the fact that in view of our aforesaid conclusion the matter will go back to the Trial Court at the stage where it was. Any observation made by us in respect of these documents and decisions particularly with reference to the plaint, is likely to create complication for the Trial Court as an opinion having been expressed by a High Court to which the Trial Court is subordinate. We have concentrated on the plaint as it is and with reference to the applicability of the law as to operation of **Order VII, Rule 11,** we have given this decision. Various decisions cited of the Supreme Court as well as Privy Council with regard to sovereign estate, impartibility of the estate, rule of primogeniture, etc. in our opinion, are not required to be gone into elaborately at this stage, becuase for taking a decision, facts put forth by the other side will also have to be brought on record and law applicable to these lads on being applied with reference of course to the relevant judicial pronouncements, the case will have to be decided.

56. If anything in the decisions cited at the bar, particularly on behalf of the plain-tiffs-respondents, there is a clear pointer that the least a claim of partition of Joint Family property including sovereign impartible estate, deserves is a fulfledged trial. This would necessarily mean that the plaint, as filed, discloses a cause of action. It is not barred by any law. Rejection of plaint, under **Order VII, Rule 11 of the Code** is, therefore, unwarranted.

57. The net result, therefore, is that the appeals are allowed. The Order rejecting the plaint passed on 18th January 1996 is hereby set aside. The Trial Court shall proceed to deal with the suit from the stage where it was in accordance with law. Looking to the near relations of the parties, they are left to bear their own costs. Pronounced in the open Court on the 30th day of April 1996.

જે બંને ચુકાદાઓ માનસહ વંચાણે લેતાં સૌપ્રથમ ચુકાદો પાર્ટનરશીપ તથા રજીસ્ટ્રેશન એકટ હેઠળનો હોય જે માનસહ વંચાણે લેતાં હાથ ઉપરના કેસના વિષય વસ્તુ સાથે સુસંગત જણાતો નથી. તેમજ અન્ય ચુકાદો માનસહ વંચાણે લેતાં સદર ચુકાદો જોઈન્ટ હિન્દુ ફેમીલી અને તેમની મીલકત અને ભાગીદારીને લગતો હોય હાથ ઉપરના વિષય વસ્તુ સાથે સુસંગત જણાતો નથી.

આ કામે ઉપરોકત કરેલ ચર્ચા ઘ્યાને લેતાં વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય કે ગુજરાત સાર્વનજીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની કલમ–૫૦, ૫૧, ૮૦ મુજબ દીવાની કોર્ટમાં દાવો કરવાનો બાધ હોય તે હકીકત પુરવાર કરવામાં પ્રતિવાદીઓ સફળ થયેલ ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) પ્રતિવાદીઓ તરફેની આંક–૧૨ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) આ દાવાનો ખર્ચ આખરી હુકમને પરીણામને અનુસરશે.

હુકમ આજ રોજ તારીખ:૩૧ મી, માહે : જુલાઈ, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**Date:- 31/07/2023** **(MANAN S. SONI)**
**Mahemdavad.** **Principal Civil Judge**
**Mahemdavad, JUDGE CODE: GJ01262.**